
ધી ન્યુઝલાઇન

વર્ષ : ૩૩ અંક : ૦૫૭ તા ૪-૧૧-૨૦૨૬ પાનાં ૪ માલિક : ચાણક્ય મીડિયા હાઉસ પ્રા. લિ. તંત્રી : પરેશ ગંજવાલા, સહ તંત્રી : રાધિકા ગંજવાલા

કંપનીઓના મજબૂત પરિણામોનો સપોર્ટ

અમેરિકામાં પણ મધ્ય સત્રની ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીનું પલ્લું ભારે



વૈશ્વિક બજારોમાં મિશ્ર ટ્રેન્ડ વચ્ચે ભારતીય શેરબજારમાં ઘટાડો અને નબળાઈ ચાલુ જ રહ્યા છે. બુધવારે જીઓ પ્લેટફોર્મના વિક્રમી લિસ્ટિંગ વચ્ચે પણ સેન્સેક્ષ અને નિફ્ટીમાં તીવ્ર ઘટાડો ચાલુ જ રહ્યો હતો અને પોઝિટિવ લિસ્ટિંગની કોઈ જ અસર બજાર ઉપર નહોતી જોવાઈ.


સામે પક્ષે અમેરિકામાં બુધવારે મોડી સાંજે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઈ જ ફેરફાર નથી કરાયો તેવી જાહેરાત કરી હતી અને આ જાહેરાત વૈશ્વિક શેરબજારો માટે પોઝિટિવગ ણાય અને તેમ છતાં આ જાહેરાત પછી નાસ્ડેક-૧૦૦ ફ્યુચર્સમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો હતો અને સાથે સાથે એશિયાઈ બજારોમાં પણ નબળાઈ ચાલુ રહી છે. અને સાંઘાઈ બજાર આ જાહેરાત પછી પણ લગભગ એક ટકો ઘટ્યું હતું.

સામે પક્ષે ઈઝરાયેલમાં વડાપ્રધાનની ચૂંટણી થઈ અને તેમાં અત્યારના વડાપ્રધાનને પૂરતી બહુમતી નથી મળી અને સામે પક્ષે નવી સરકાર રચવા માટે વિરોધી નેતાઓએ પ્રયત્નો શરૂ કરી નાખ્યા છે અને તેથી ઈઝરાયેલમાં શું ડેવલપમેન્ટ થાય છે તેની પણ વૈશ્વિક શેરબજારો ઉપર નોંધપાત્ર અસર પડશે અને આ અંક તમારા હાથમાં આવશે ત્યાં સુધીમાં ઈઝરાયેલના રાજકારણમાં ડેવલપમેન્ટ ફાઈનલ થઈ ગયું હશે. ઈઝરાયેલમાં અત્યારના વડાપ્રધાનની નેતાન્યૂને બદલે અન્ય કોઈ વ્યક્તિ વડાપ્રધાન તરીકે આવે તો સ્વાભાવિક છે કે ઈરાન સાથેના યુદ્ધનો અંત આવી જાય કારણ કે એકલે હાથે અમેરિકા ઈરાન સાથે યુદ્ધ કરવા સક્ષમ નથી.

સામે પક્ષે અમેરિકામાં પણ મધ્ય સત્રની ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીનું પલ્લું ભારે છે. પરંતુ તેમાં પ્રમુખને સીટ ઓછી મળે તો અમૂક કાયદા સુધરવાની તેમની સત્તા ઉપર કાપ આવી જશે પરંતુ તેને કારણે તેમનો ગુસ્સો ઘટે તે સંભાવના મર્યાદિત છે. અને તેથી આગામી દિવસોમાં કેવળ આ ડેવલપમેન્ટને કારણે જ ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત થઈ જશે તેમ કહેવું ખૂબ જ વહેલું છે.

ભારતમાં કોંકોચ જનતા પાર્ટી અને વિરોધપક્ષોનો વિરોધ ચાલુ છે અને સુપ્રીમ કોર્ટમાં પણ આ કેસની સુનાવણી થઈ રહી છે અને હવે ૧લી નવેમ્બરે નવી દિલ્હી ખાતે જે વિરોધ પ્રદર્શનનું આયોજન છે તેમાં પણ કેવો દેખાવ થાય છે તે ભારતીય રાજકારણ અંગે અતિશય મહત્ત્વનું પાસું છે. એક કરોડ વોટ કેન્સલ થઈ ગયા છે તે હકીકત અંગે સુપ્રીમ કોર્ટ કેવા પ્રકારનો અભિગમ અપનાવે છે તે અતિશય રસપ્રદ છે. અને શક્ય છે કે અગાઉના ટ્રેન્ડને ધ્યાનમાં રાખીએ તો આ પાસું સહેજ પણ મહત્ત્વનું નથી તેવો અભિગમ પણ સુપ્રીમ કોર્ટ અપનાવી શકે પરંતુ આ પ્રકારના અભિગમને કારણે વિરોધપક્ષનો દેખાવ નબળો પડે કે કેમ તે પણ આ વખતે પ્રશ્ન છે અને આ પાસું સહેજ ઊંડાણથી જોઈએ તો ઈઝરાયેલની જેમ ભારતીય રાજકારણમાં પણ આગામી મહિનાઓમાં નોંધપાત્ર પરિવર્તનની સંભાવના મજબૂત છે, પરંતુ તેને કારણે અર્થતંત્ર અને શેરબજારને અસર પડશે કે કેમ તે એક અલગ પ્રશ્ન છે.

બજારમાં અત્યારે દિવાળીની ખરીદી મર્યાદિત થઈ ગઈ છે. કાપડના વેપારીઓ સાથે ચર્ચા કરીએ તો તેમના દર્શાવ્યા મુજબ અત્યારે દિવાળીની ખાસ કોઈ ઘરાકી નથી દેખાતી, પરંતુ સામે પક્ષે હવે કેવળ દિવાળી વખતે જ ખરીદી કરવી તે પ્રકારનો ટ્રેન્ડ પણ નથી રહ્યો અને સમાજનો મોટો વર્ગ નોર્મલ



દિવસોમાં પણ હવે ખરીદી કરતો થઈ ગયો છે. અગાઉ કૃષિ ઉત્પાદન અને દિવાળી બે ભેગા થતા હોવાથી દિવાળી દરમ્યાન ઘરાકી નીકળતી હતી પરંતુ હવે પગારદાર વર્ગને બારેય મહિના લગભગ સરખી રકમ મળતી હોય છે અને તેથી તેમની ઘરાકી પણ આખા વર્ષ દરમ્યાન સતત ચાલુ રહે છે અને આ પાસું પણ આપણે ઘરાકી અંગે સમજવું રહ્યું, પરંતુ એકંદરે એફએમસીજી અને રેડીમેઈડ ગાર્મેન્ટમાં નોર્મલ કરતા ખરીદી ઓછી છે તે ટ્રેન્ડ પણ એફએમસીજી શેરોને અસર કરી રહ્યો છે.

સામે પક્ષે છેલ્લા બે ક્વાર્ટર દરમ્યાન ઓટોમોબાઈલ સેક્ટરના સુંદર વેચાણો છતાં પણ લગભગ તમામ ઓટોમોબાઈલ સેક્ટરના કંપનીઓના સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા નબળા આવ્યા છે અને કોમોડિટીની પડતર ખૂબ જ વધી ગઈ હોવાથી તેની અસર નફાશક્તિ ઉપર દેખાય છે અને આ ટ્રેન્ડને કારણે પણ શેરબજારમાં અત્યારે એકદમ સિલેક્ટિવ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે અને ખેલાડીઓનું મુખ્ય ફોકસ આ તબક્કે ન્યૂએજ અને હેલ્થકેર શેરો ઉપર જ વધારે છે. કારણ કે આ બે સેક્ટરમાં સતત વૃદ્ધિદર ચાલુ રહેતો હોવાથી શેરબજારના ખેલાડીઓ અને ઈન્વેસ્ટરો માટે આ બે સેક્ટર એકદમ સલામત લેણ બની ગયા છે. જ્યારે બેંક અને ફિનાન્સ શેરોમાં મિશ્ર ટ્રેન્ડ છે અને તેમાં જે બેંકો સાતત્યપૂર્ણ રીતે સારી કામગીરી ધરાવે છે તેના શેરોમાં હજી પણ લેવાલી ચાલુ રહી છે.

કેપિટલ ગુડ્ઝ સેક્ટરમાં પરિણામો સારા આવવા છતાં તેમાં અને મેટલ શેરોમાં આકર્ષણ ખૂબ જ ઓછું છે. જ્યારે હોટલ શેરોમાં ધીમો સુધારો શરૂ થઈ ગયો છે અને એક વખત નવેમ્બરની શરૂઆતથી વિદેશી ટૂરિસ્ટ ટ્રાફિક અંગે ચિત્ર સ્પષ્ટ થઈ જતા હોટલ શેરો અને ટુરિઝમને લગતા શેરોમાં ઝડપી સુધારાની સંભાવના છે.

એનએસઈ અને બીએસઈના શેર ઘણા સમયથી લેવડાવીએ છીએ અને તે બંને શેરોમાં પણ ધીમો સુધારો શરૂ થઈ ગયો છે.

મોટા ભાગની બેંકિંગ કંપનીઓમાં સપ્ટેમ્બર ક્વાર્ટરના નફાના આંકડા પ્રોત્સાહક આવ્યા છે તેમ છતાં હજી પણ આ સેક્ટરમાં નોંધપાત્ર લેવાલી નથી દેખાતી. કેવળ પાંચ કે સાત બેંકોમાં જ અત્યારના તબક્કે સ્પષ્ટ અપટ્રેન્ડ છે, પરંતુ અન્ય બેંકોમાં નફાનો મજબૂત સપોર્ટ મળ્યા પછી હવે ઘટાડો અટક્યો છે તેમ પણ જોઈ શકાય છે.

સાઉથ ઈન્ડિયન બેંકમાં ધીમા સુધારા સાથે રૂા. ૫૫.૪૦નો ભાવ આવ્યો છે. ૧૫મી સપ્ટેમ્બરે આ શેર રૂા. ૪૫ ઉપર હતો અને અત્યારે રૂા. ૫૬.૨૦ થયા પછી રૂા. ૫૫.૪૦ ઉપર મળી રહ્યો છે અને આવતા થોડા દિવસોમાં સુંદર ઉછાળા સાથે આ શેરમાં રૂા. ૬૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. સૌથી રસપ્રદ પાસું એ છે કે સાઉથ ઈન્ડિયન બેંકમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન નફામાં ૮૮ ટકાનો વાર્ષિક સુધારો હાંસલ થયો છે અને આ રીતનો તોતિંગ વૃદ્ધિદર હોવાને કારણે રૂા. ૫૫ વાળા શેરમાં રૂા. પાંચ-પાંચની બે નોટો મળી જવાની જગ્યા છે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

સામે પક્ષે **કોટક બેંક**ના શેરમાં ધીમો અપટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. ગયા અઠવાડિયે પણ લેવડાવેલો અને તે પછી એક ટકાના સુધારા સાથે રૂા. ૪૪૭ ઉપર આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોટક બેંકમાં નફો ૧૪.૧૩ ટકાના દરે વધ્યો છે. જ્યારે સપ્ટેમ્બર ક્વાર્ટરનો નફો ૨૬ ટકા વધ્યો છે અને આ ટ્રેન્ડ પછી રૂા. ૪૪૭વાળા આ શેરમાં આવતા થોડા દિવસો દરમ્યાન મજબૂત અપટ્રેન્ડ સાથે ઉપરમાં રૂા. ૪૫૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૪૮૦નો ભાવ જોવા મળવાની સંભાવના છે. અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

રૂા. ૩૫૩વાળા **કરૂર વૈશ્ય બેંક**ના શેરમાં પણ પરિણામો નોર્મલ લેવલ ઉપર જ આવ્યા છે અને નફામાં ૩૭.૨૪ ટકાનો ઉછાળો છે. અત્યારના ભાવથી આ શેર ધીમા સુધારા સાથે ઉપરમાં રૂા. ૩૮૦-૩૯૦ બતાવે તે સંભાવના છે અને તેથી આ શેરમાં થોડું થોડું રોકાણ કરી શકાય. ટ્રેડિંગ વોલ્યૂમમાં પણ સ્પષ્ટ રીતે સુધારાનો ટ્રેન્ડ જોઈ શકાય છે. થોડાક શેરો શોર્ટટર્મ અને થોડાક શેરો ૯થી ૧૨ મહિના માટે લઈને મૂકી દેવા.

રૂા. ૩૪૬વાળા **ફેડરલ બેંક**ના શેરમાં પણ હવે ધીમો સુધારો શરૂ થયો છે. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ભલે ૨૧ ટકાના દરે નફો વધ્યો હોય પરંતુ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેનો નફો ૫૧ ટકા વધ્યો છે અને નફામાં આ ઉછાળા પછી ફેડરલ બેંકના શેરમાં પણ આવતા થોડા દિવસો દરમ્યાન સુંદર વૃદ્ધિ સાથે રૂા. ૩૮૦-૪૦૦નો ભાવ જોવા મળવાની સંભાવના છે એટલે કે અત્યારના ભાવથી લગભગ ૨૦ ટકા વૃદ્ધિ શોર્ટટર્મમાં જ દેખાય છે. ઈન્વેસ્ટમેન્ટ માટે પણ થોડાક શેરો લઈને મૂકી શકાય અને તેમાં ઉપરમાં રૂા. ૪૪૦ના ભાવની સંભાવના છે.

યુનિયન બેંક પણ ધીમો સુધારો દર્શાવે છે. રૂા.૧૮૫ ઉપર આવી ગયેલા આ શેરમાં છેલ્લા પાંચ વર્ષની સરેરાશ કરતા સપ્ટેમ્બર ક્વાર્ટરનો નફો થોડોક નબળો આવ્યો છે. સપ્ટેમ્બરના ૩૧ ટકાના ઉછાળાની સામે યુનિયન બેંકનો શેર કેવળ ૬.૪૪ના પીઈરેશિયો ઉપર મળે છે. થોડાક શેરો છ અઠવાડિયા માટે અને થોડાક શેરો ૯થી ૧૨ મહિના માટે લઈને મૂકી દેવા અને રૂા. ૧૮૫થી ઊંચકાઈને શોર્ટટર્મમાં જ રૂા.૨૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી.

શોર્ટટર્મ અને લોંગટર્મ બંને એન્ગલથી રૂા.૧૨૨ વાળા **પંજાબ નેશનલ બેંક**માં પણ ખૂબ જ સુંદર વૃદ્ધિની જગ્યા છે અને તેમાં પણ છેલ્લા પાંચ વર્ષથી નફો ૪૮ ટકાના દરે વધ્યો છે. આ ભાવે જોખમ નહિવત, ઉપરમાં શોર્ટટર્મમાં જ રૂા. ૧૩૫ અને તે પછી ધીરે ધીરે રૂા.૨૦૦ તરફનો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.

પ્રેમવત્સ હસ્તકની **સીએસબી બેંક**માં ગયા અઠવાડિયા દરમ્યાન ૧.૧૩ ટકાનો સુધારો જોવાયો. આઈડીબીઆઈ બેંક આ કેનેડિયન ઈન્વેસ્ટરને સુપ્રત થયા પછી સીએસબી બેંક અંગે તેમણે નિર્ણય લેવાનો છે. આ કાઉન્ટર ઉપરનું ટ્રેડિંગ વોલ્યૂમ પણ તીવ્ર ઘટાડો દર્શાવે છે અને રૂા. ૩૦૯વાળા આ શેરમાં આગામી દિવસોમાં એકદમ ઝડપી ઉછાળાની સંભાવના મર્યાદિત છે.

એક્સિસ બેંક ધીમા અપટ્રેન્ડમાં દાખલ થયો છે અને ગયા અઠવાડિયા દરમ્યાન તેમાં એક ટકાનો સુધારો જોવાયો. રૂા.૧૨૨૦વાળા આ શેરમાં સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા ખૂબ જ પ્રોત્સાહક આવ્યા અને તેના સપોર્ટ સાથે આ શેર કવર કરી શકાય. એક્સિસ બેંક ૧૨ મહિના માટે લેવો અને તેમાં ઉપરમાં રૂા.૧૯૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

કેનેરા બેંકના શેરને પણ લોંગટર્મ એન્ગલથી જ કવર કરવો સલાહભરેલ છે. અને તેમાં મધ્યમગાળે રૂા. ૧૧૯થી વધીને રૂા. ૧૮૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.

ઈન્ડસઈન્ડ બેંકના શેર તરફ આકર્ષણ વધતું જાય છે નફામાં ગોટાળા બહાર આવ્યા પછી રૂા. ૧૨૦૦ આસપાસ રહેતો ઈન્ડસઈન્ડ બેંક એક તબક્કે ઘટીને રૂા. ૭૫૦ સુધી નીચો ઉતરી ગયો હતો અને હવે તેમાં ધીમો સુધારો શરૂ થયો છે. અત્યારના રૂા. ૮૫૨ના ભાવે આ શેરમાં લાંબો કસ નથી દેખાતો અને તેથી આ શેર વેચીને તે પૈસા ક્યાં તો યુનિયન બેંક અથવા તો શોર્ટટર્મ માટે કોટક બેંકના શેરમાં શિફ્ટ કરી શકાય.

ઉત્કર્ષ સ્મોલ ફિનાન્સ બેંક રૂા. ૫૮ના ટોપથી ઘટીને અત્યારે ફક્ત રૂા. ૧૧.૪૦ ઉપર આવી ગયો છે. અને બેંક દ્વારા જૂન ક્વાર્ટરમાં રૂા. ૩૪ કરોડનું નુકસાન પણ દર્શાવાયું હતું. આમ લગભગ છેલ્લા છ ક્વાર્ટરથી બેંકે જંગી નુકસાન જ બતાવ્યું છે. અને જ્યાં સુધી ટર્નઅરાઉન્ડ પરિણામો ન આવે ત્યાં સુધી ખૂબ જ ઘટી ગયો હોવા છતાં તે શેરમાં રોકાણ વધારવાની ઉતાવળ ન કરાય.

ડીસીબી બેંકનો શેર અત્યારે ધ્યાન ખેંચે છે. રૂા. ૧૯૩ ઉપર છે અને આ શેરમાં પણ નાનું રોકાણ કરી શકાય અને તેમાં મધ્યમગાળે રૂા. ૧૯૦-૧૯૪ના લેવલથી વધીને રૂા. ૨૩૦ ઉપરનો ભાવ જોવા મળવાની ગણતરી, હજી થોડો સમય આ શેરમાં નબળાઈ ચાલુ રહેવાની જગ્યા છે.

ફક્ત રૂા. ૨૯માં મળી રહેલો **સેન્ટ્રલ બેંક**, રૂા. ૨૯માં જ મળી રહેલો **ઈન્ડિયન ઓવરસીઝ બેંક** અને રૂા.૨૨ મળતો **યૂકો બેંક**નો શેર લઈને મૂકી દેવા અને આ ત્રણેય શેરો મલ્ટીબેગર રિટર્ન આપી જાય તે સંભાવના છે.

અત્યારના તબક્કે **એચડીએફસી બેંક** રૂા. ૯૮૩ ઉપર છે અને તેમાં બે દિવસ ભાવ વધે છે અને ફરી પાછો ભાવ તૂટી જાય છે. નફો છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ૧૮.૯૦ ટકાના દરે વધ્યો છે. એકંદરે અગાઉ જે પ્રકારની નિરાશા હતી તે નિરાશા આ શેરમાંથી હવે નીકળી ગઈ છે અને તેથી થોડો સમય આ રીતે બોટમ લેવલ ઉપર

ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, શુક્રવારે ખૂલતાની સાથે જ ભારતીય બજારોમાં પોઝિટિવ ટ્રેન્ડ, બજાર ઘણા દિવસોથી તેજીમય થવા માટે પ્રયત્ન કરી રહ્યું છે, પરંતુ કૂદના અતિશય ઊંચા ભાવને કારણે તેજી ઉપર લાગી રહેલી બ્રેક. અને તેથી સેન્સેક્ષ-નિફ્ટીને અનુસરવાને બદલે પસંદગીના શેરો ઉપર જ ફોકસ રાખવા આરએસની વાત.
- **ટાઈટન**, લોંગટર્મ લગડી, છેલ્લા ઘણા અંકથી આ શેર ભેગા કરાવીએ છીએ. સોનાના દાગીનાના વેચાણોમાં ખૂબ સુંદર ઉછાળો અને સાથે સાથે હવે સાડીના વેચાણો પણ ખૂબ જ ઝડપથી સુધરી રહ્યા છે. રૂા. ૫૦૦પના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય. ૧૨ મહિને આ શેરમાં ખૂબ જ સુંદર રિટર્ન સાથે રૂા. ૫૪૦૦નું લક્ષ્યાંક.
- **ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ**, શોર્ટટર્મ સ્વીટી, આ શેર પણ ચાર્ટ એનાલિસીસ આપીને લેવડાવેલો, ટેક્ષટાઈલ અને યાર્ન બિઝનેસની સાથે સાથે હવે પેઈન્ટના બિઝનેસમાં પણ વેચાણોમાં ખૂબ જ સુંદર ઉછાળો અને હવે કંપની ગમે ત્યારે વાયર અને કેબલના બિઝનેસમાં પણ દાખલ થશે. રૂા. ૩૩૧૦ના ભાવે ખોટો નથી અને ૬ અઠવાડિયામાં આ શેરમાં રૂા. ૩૫૭પનો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત.
- **બજાજ ઓટો**, લોંગટર્મ લગડી, ઓગસ્ટ મહિનાના ટુ-વ્હિલરના વેચાણો પણ ખૂબ જ પ્રોત્સાહક આવ્યા અને નિકાસો પણ સુધરી છે. રૂા. ૧૧૯૨૦ના ભાવે એક વર્ષના એન્ગલથી થોડાક શેરો લઈને મૂકી દેજો અને આ શેરમાં ખૂહબ જ સુંદર રિરેટિંગ સાથે ઉપરમાં રૂા. ૧૩૦૦૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ઈટર્નલ**, શોર્ટટર્મ સ્વીટી, ઘણા અઠવાડિયાથી આ શેર પણ ભેગા કરાવીએ છીએ. રૂા. ૩૨૪.૮૦ ઉપર આવ્યો, ઓગસ્ટની કામગીરીમાં નોંધપાત્ર સુધારો અને હવે સપ્ટેમ્બર મહિના દરમ્યાન તહેવારોને કારણે ઝોમેટો અને બ્લિન્કિટ બંને બિઝનેસોમાાં મોટા ઉછાળાની જગ્યા, થોડાક શેરો છ અઠવાડિયા માટે લઈને મૂકી દેવાય અને ઉપરમાં ૮ ટકા વધીને રૂા. ૩૫૧ પ્લસનો ભાવ જોવા મળવાની ગણતરી.
- **આઈસીઆઈસીઆઈ બેંક**, લોંગટર્મ લગડી, અત્યારે વિવિધ પ્રાઈવેટ સેક્ટર બેંકોમાં કેવળ આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં જ ખેલાડીઓનું આકર્ષણ અને કોઈ તબક્કે વિવાદમાં નથી ફસાઈ, રૂા. ૧૪૩૦ના ભાવે શેર આકર્ષક, છેલ્લા ૬૩ દિવસમાં જ ૧૫ ટકાનો ઉછાળો બતાવ્યો છે. થોડાક શેરો આ ભાવે લઈને મૂકી શકાય અને ઉપરમાં રૂા. ૧૩૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **જેએસડબલ્યુ સ્ટીલ**, શોર્ટટર્મ સ્વીટી, સ્ટીલના આંતરરાષ્ટ્રીય ભાવોમાં જોરદાર ઉછાળો અને તે પાછળ અત્યારે ખેલાડીઓનું આકર્ષણ આ શેર ઉપર સ્થિર થયું છે. મેનેજમેન્ટના ડખા ન હોત તો તાતા સ્ટીલ પણ ઊંચકાઈ શક્યો હોત, રૂા. ૧૩૦૮ના ભાવે જેએસડબલ્યુ ઉપર ફોકસ રાખવું સલાહભરેલ, લગભગ ૧૦ ટકા રિટર્ન સાથે ૬ અઠવાડિયામાં રૂા. ૧૪૪૦ના ભાવની એનએસની વાત.
- **બજાજ ફિનસર્વ**, લોંગટર્મ લગડી, આ શેર પણ ઘણા અઠવાડિયાથી સતત લેવડાવીએ છીએ અને છેલ્લા ૬૩ દિવસમાં ૧૫ ટકાનું રિટર્ન આપ્યું છે. રૂા. ૧૯૯૨ના ભાવે ખોટો નથી અને રીરેટિંગ સાથે ઉપરમાં રૂા. ૨૨૯૦નો ભાવ જોવા મળવાની કેએસની વાત.
- **કોટક મહિન્દ્રા બેંક**, શોર્ટટર્મ સ્વીટી, ટોપ મેનેજમેન્ટમાં આવી રહેલા ફેરફારો, અને હવે નવી મેનેજમેન્ટ થોડીક વધારે કડક રહે તે સંભાવના મજબૂત, રૂા. ૪૨૧ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય અને છ અઠવાડિયે ૧૦ ટકાના રિટર્ન સાથે રૂા. ૪૬૩નો ભાવ જોવા મળી જાય તે સંભાવના મજબૂત છે.
- **એચસીએલ ટેકનોલોજી**, લોંગટર્મ લગડી, આઈટી શેરોમાં સેન્ટીમેન્ટ સુધારા તરફી, પરંતુ આ તબક્કે ટીસીએસ કે ઈન્ફોસીસને બદલે મુંબઈના ખેલાડીઓ એચસીએલ ટેકનોલોજીના શેર ઉપર સક્રિય અને તે રીતે આ સહેજ ઓછા પોપ્યુલર શેરને ઝડપથી ઊંચકી દેશે. રૂા. ૧૩૧૯ના ભાવે શેર ધ્યાનમાં રખાય. આ કાઉન્ટર ઉપર અત્યારે ટ્રેડિંગ વોલ્યૂમમાં પણ નોંધપાત્ર ઉછાળો, કેવળ ૧૯.૬૩ના પીઈરેશિયો ઉપર મળે છે. છ અઠવાડિયે લગભગ ૧૦ ટકા રિટર્ન સાથે રૂા. ૧૪૪૩નો ભાવ જોવા મળી જવાની સંભાવના મજબૂત છે.

Important Weblinks for Today

https://chanakyanipothi.com/
https://chanakyanipothi.com/ipo-gmp/
https://chanakyanipothi.com/intraday-trading/
https://chanakyanipothi.com/grey-market-premium/
https://chanakyanipothi.com/ipo-subscription-status/
https://chanakyanipothi.com/ipo-allotment-status-how-to-check/
https://chanakyanipothi.com/category/ipo-listing-estimates/
https://chanakyanipothi.com/upcoming-ipos-2025/
https://sahifund.com/
https://sahifund.com/sip/
1) https://sahifund.com/whiteoak-capital-large-cap-fund/
2) https://sahifund.com/latest-new-fund-offers/
3) https://sahifund.com/dsp-multi-asset-allocation-fund/
4) https://sahifund.com/icici-prudential-flexicap-fund/
5) Sahifund bottom
https://chanakyanipothi.com/best-stock-to-buy-today/
https://chanakyanipothi.com/news-crux/
https://chanakyanipothi.com/fii-data-today/
https://sahifund.com/fii-dii-buy-sell-activity/
https://chanakyanipothi.com/chanakya-niti/
https://chanakyanipothi.com/fujiyama-power-systems-ipo/
https://chanakyanipothi.com/tenneco-clean-air-ipo-date-price-gmp-review-details/
https://chanakyanipothi.com/physicswallah-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/emmvee-photovoltaic-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/pine-labs-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/sme-ipo-watch/workmates-core2cloud-ipo/
https://chanakyanipothi.com/sme-ipo-watch/mahamaya-lifesciences-ipo/
https://chanakyanipothi.com/sme-ipo-watch/shining-tools-ipo/
https://sahifund.com/canara-robeco-consumer-trends-fund/
https://chanakyanipothi.com/sme-ipo-watch/curis-lifesciences-ipo/
https://sahifund.com/groww-nifty-midcap-150-etf-growth/
https://sahifund.com/360-one-focused-fund/
https://sahifund.com/aditya-birla-sun-life-nifty-bank-etf/
https://chanakyanipothi.com/stock-market-today-by-vaishali-parekh/
https://chanakyanipothi.com/technical-analysis-of-the-market-by-nagaraj-shetti/
https://chanakyanipothi.com/reliance-share-price-target-strategy-today/
https://chanakyanipothi.com/winning-strategy-for-gold-trading-tomorrow/
https://chanakyanipothi.com/rupee-dollar-exchange-rate-guidance/
https://chanakyanipothi.com/chanakya-community/

ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો
તદ્દન ફ્રી
staffavailable.com

https://staffavailable.com/

VISHAL FABRICS LIMITED

CIN: L17110GJ1985PLC008206
Regd. Office: Shanti Corporate House, Near Hira Rupa Hall, Bopal-Ambli Road, Bopal, Ahmedabad-380058, Gujarat
Contact No.: +02717 466959, E-mail: cs.vfl@vishalfabrics.co.in, Website: www.vishalfabricsltd.com

Extract of statement of Unaudited Consolidated Financial Results for the Quarter and Half Year Ended September 30, 2026 (Rs. in Lacs)

SR. NO.	PARTICULARS	Quarter Ended 30.09.2026	Quarter Ended 30.06.2026	Quarter Ended 30.09.2025	Half Year Ended 30.09.2026	Half Year Ended 30.09.2025	Year Ended 31.03.2026
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
1	Total Income from operations	36,632.55	37908.72	43,309.19	74,541.27	83,026.01	1,60,210.98
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	1,317.41	946.23	1,197.89	2,263.64	2,242.46	4,315.50
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	1,317.41	946.23	1,197.89	2,263.64	2,242.46	4,315.50
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	1,062.64	704.68	961.71	1,767.33	1,878.13	3,217.76
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	1,159.52	722.36	965.32	1,881.88	1,883.10	5,274.21
6	Equity Share Capital	12,380.50	12380.5	12,380.50	12,380.50	12,380.50	12,380.50
7	Reserve (excluding revaluation Reserve) as shown in the Audited balance sheet of the previous year	-	-	-	-	-	51,424.52
8	Earnings Per Share (of Rs.5/- each) (for continuing and discontinued operations)						
	(a) Basic (Rs)	0.47	0.31	0.39	0.71	0.76	1.37
	(b) Diluted (Rs)	0.47	0.31	0.39	0.71	0.76	1.37

Extract of Unaudited Standalone Financial Result for the Quarter and Half Year ended on 30th Sept, 2026

SR. NO.	PARTICULARS	Quarter Ended 30.09.2026	Quarter Ended 30.06.2026	Year Ended 31.03.2026
		(Unaudited)	(Unaudited)	(Audited)
1	Total Income from Operations (net)	36,632.55	37,908.72	1,60,210.98
2	Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items)	1,317.41	1,317.41	4,315.50
		1062.64	946.23	3,217.76
3	Net Profit for the period after tax (after exceptional and / or extraordinary items)	1064.78	711.44	4927.66
4	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	0.43	0.28	1.37
		0.43	0.28	1.37
5	Earnings per share (for continuing and discontinued operations) Basic Diluted			

Notes:

1.The above unaudited financial results have been reviewed by the Audit Committee and approved and taken on record by the Board of Directors at its meeting held on 03rd November 2026. The statutory auditors have performed limited review of the financial results for the quarter and half year ended 30th September 2026 and have issued an unmodified review report on the same.
2. The above unaudited financial results of the Company for the quarter and half year ended September 30, 2026, have been prepared in accordance with the Indian Accounting Standards ("Ind AS") as prescribed under section 133 of the Companies Act, 2013 (as amended) read with the Companies (Indian Accounting Standards) Rules 2015 (as amended).
3. The company has only one segment namely "Textile. As such there is no separate reportable segment as per IND-AS 108 'Operating Segments'.
4. The above is an extract of the detailed format of Quarterly results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites at www.bseindia.com and website of the Company at https://vishalfabricsltd.com/

By order of the Board
For VISHAL FABRICS LIMITED
Sd/-
Brijmohan D. Chiripal
Managing Director
DIN 00290426

Date : 03rd November, 2026
Place : Ahmedabad